**<u>મહેરબાન ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સુરતમાં, મુ.સુરત.</u>**

**ફોજદારી કેસ નં.૩૪૦૩/૨૦૨૫**
**આંકઃ ૪**

ફરિયાદીઃ શ્રી સરકાર

વિરુદ્ધ

આરોપીઃ અબ્બાસઅલી મોહરમઅલી અંસારી

**<u>ગુનોઃ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૫ મુજબ.</u>**

**<u>–// ચુકાદો //–</u>**

**૧.** ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ બનાવના સ્થળે અને સમયે સરેઆમ માર્ગમાં કોઈ વ્યકિત ભય અને અંતરાય ઉભો થાય તે રીતે પોતાનું વાહન ભયજનક સ્થિતિમાં મુકવા બાબતે સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાતા સલાબતપુરા પો.સ્ટે.માં તપાસ કરનાર અમલદાર દ્વારા આરોપી વિરૂધ્ધ <u>ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૫</u> મુજબના ગુનાનું ચાર્જશીટ નામ.કોર્ટમાં દાખલ કરેલ છે.

**૨.** આરોપી અત્રેની કોર્ટમાં હાજર રહેતા તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. આરોપીએ પોતે ગુનો કબૂલ કરવા માંગતા હોવાનું જાહેર કરી પુરસીસ રજૂ કરેલ, જે સંદર્ભે આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબૂલ હોવાનું જણાવેલ છે. આરોપીની આ રાજીખુશીથી કરેલી કબૂલાત હોઈ, તે નહી માનવા માટે કોઈ કારણ નથી. જેથી આરોપીની કબૂલાત ધ્યાને લઈ તેમને સજા અંગે પૂછતા જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુનો છે અને પોતાની આ પહેલી ભૂલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરેલ છે. આમ, ઉપરોકત તમામ સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઈ જોતાં ન્યાયના હીતમાં આરોપીની કબૂલાત સ્વીકારી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–ઃઃ હુકમ ઃઃ–</u>**

આ કામના આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫ અન્વયે <u>ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૫</u> મુજબના ગુન્હા સબબ તકસીરવાર ઠરાવવામાં આવે છે અને આરોપીને રૂ.૫૦૦/– પૂરાનો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે,

હુકમ આજરોજ ૦૮મી માહે માર્ચ સને ૨૦૨૫ ના રોજ સ્પે.સિટિંગમાં જાહેર કર્યો.

સ્થળઃ સુરત.
તા.૦૮/૦૩/૨૦૨૫

(એન.જી.પરમાર)
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,સુરત
(GJ 00869)